**ABE-1163-64** Seat No. ______

# B. A. (Sem. I) Examination

## November / December – 2016

## Gujarati : Paper - EO-105

## ૧ : સાહિત્યકૃતિનો અભ્યાસ : (શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ - વિનોદ ભટ્ટ - સંપાદક : વિનોદ ભટ્ટ) *(Old Course)*

## ૨ : સાહિત્યકૃતિનો અભ્યાસ : (માણસાઈના દીવા - પ્રસંગ ૧થી ૧૭)

Time : **3** Hours] [Total Marks : **70**

## ૧ : સાહિત્યકૃતિનો અભ્યાસ : (શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ - વિનોદ ભટ્ટ - સંપાદક : વિનોદ ભટ્ટ) *(Old Course)*

૧ વિનોદ ભટ્ટનાં સર્જક વ્યક્તિત્વને ઘડનારાં પરિબળોની વિગતે ચર્ચા કરો. ૧૪

અથવા

૧ વિનોદ ભટ્ટનું જીવન અને તેમની સાહિત્ય સેવાનો પરિચય કરાવો.

૨ નિબંધ સાહિત્ય સ્વરૂપનાં લક્ષણો ચર્ચો. ૧૪

અથવા

૨ ''શ્રેષ્ઠ રચનાઓ - વિનોદ ભટ્ટ''નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

૩ નીચેનામાંથી કોઈ પણ બે ટૂંક નોંધ લખો : ૧૪

(૧) ''શ્રેષ્ઠ રચનાઓ''નાં રેખાચિત્રો.

(૨) ''શ્રેષ્ઠ રચનાઓ''ની ભાષાશૈલી.

(૩) ''મોડર્ન મેઘદૂત''માં વ્યંગ્ય-કટાક્ષ.

(૪) જ્યોતિન્દ્ર દવેનું રેખાચિત્ર.

૪ નીચેનામાંથી કોઈ પણ બે રચનાનો આસ્વાદ કરાવો : ૧૪

(૧) એક શિક્ષકનો પ્રેમપત્ર.

(૨) શાંતિલાલ મળે તો.

(૩) મહમ્મદ તઘલખ.

(૪) આત્મકથાનું એક પ્રકરણ.

૫ નીચેનામાંથી કોઈ પણ સાત પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : ૧૪

(૧) વિનોદ ભટ્ટનાં ચાર પુસ્તકોનાં નામ લખો.

(૨) વિનોદ ભટ્ટને હાસ્યકાર તરીકે મધુસૂદન પારેખ શું કહીને ઓળખાવે છે ?

(૩) કોઈ પણ બે હાસ્ય નિબંધકારોના નામ લખો.

(૪) નિબંધનાં મુખ્ય બે પ્રકારો કયા કયા છે ?

(૫) કવિ કાલિદાસનાં મેઘદૂતની પેરડી કરીને વિનોદ ભટ્ટે કયો નિબંધ આપ્યો છે ? તેમાં લેખકે શેના પર કટાક્ષ કર્યો છે ?

(૬) જ્યોતિન્દ્ર દવેએ કઈ ચાલાકીથી પેલા વિદ્યાર્થીને હસાવ્યો ?

(૭) યુધિષ્ઠિરની સાઈકલ કઈ રીતે જમીન પર ચાલવા લાગી ?

(૮) યક્ષના વિરહમાં નાયિકા શું ખાય છે ?

(૯) ''હાશ ચાલો, સારું થયું... પડવાની બીક હવે નહીં લાગે''
- આ શબ્દો કયા હાસ્ય નિબંધમાં છે ? અને કોણ બોલે છે ?

(૧૦) ''અર્જુન વિષાદયોગ''માં શ્રીકૃષ્ણ માટે યોજાયેલાં ચાર શબ્દોનાં નામ લખો.

(૧૧) કયા નિબંધમાં ફ્લેટનાં માલિક બનવાની છેતરામણી યોજનાની વાત કરવામાં આવી છે ?

(૧૨) ''એક શોકસભાનો અહેવાલ''માં કોની શોકસભાનો અહેવાલ આપવામાં આવ્યો છે ?

## ૨ : સાહિત્યકૃતિનો અભ્યાસ : (માણસાઈના દીવા - પ્રસંગ ૧થી ૧૭)

સૂચના : દરેક પ્રશ્ન સમાન ગુણનો છે.

૧ એક સર્જક તરીકે ઝવેરચંદ મેઘાણીને ઘડનારાં પરિબળો સ્પષ્ટ કરો. ૧૪

અથવા

૧ ઝવેરચંદ મેઘાણીનું સમગ્ર સાહિત્યપ્રદાન જણાવો.

૨ 'માણસાઈના દીવા' (પ્રસંગ : ૧થી ૧૭)ના આધારે મેઘાણીની સર્જનાત્મક વિશેષતાઓ તથા મર્યાદાઓ નોંધો. ૧૪

અથવા

૨ 'માણસાઈના દીવા' (પ્રસંગ : ૧થી ૧૭)ની રસલક્ષી સમીક્ષા કરો.

૩ કોઈ પણ એક પ્રસંગની આસ્વાદલક્ષી ચર્ચા કરો : ૧૪

(૧) 'હરાયું ઢોર'

(૨) 'મારાં સ્વજનો'

(૩) 'જી'બા'.

૪ કોઈ પણ બે વિશે ટૂંક નોંધ લખો : ૧૪

(૧) રવિશંકર મહારાજની સેવાભાવના.

(૨) 'બહુ.. ઉ લાંબું દેખું છું' પ્રસંગમાં આવતું ભગતનું પાત્ર.

(૩) 'માણસાઈના દીવા' - શીર્ષક.

(૪) 'માણસાઈના દીવા'માં મેઘાણીની વર્ણનકલા.

૫ કોઈ પણ સાત વિશે માગ્યા મુજબ/ટૂંકમાં જણાવો : ૧૪

(૧) મેઘાણીનું જન્મવર્ષ તથા જન્મસ્થળ જણાવો.

(૨) મેઘાણી કલકત્તાથી પરત શા માટે આવી ગયા ?

(૩) મેઘાણીનાં કોઈ પણ ચાર પુસ્તકનું નામ નોંધો.

(૪) રવિશંકર મહારાજે ગુજરાતના કયા પ્રદેશમાં લોકસેવા કરી હતી ?

(૫) 'એક હવાઈએ જલાવેલી જિંદગી'માં ફૂટેલી હવાઈનું શું પરિણામ આવ્યું ?

(૬) ખોડિયો હરાયું ઢોર કેવી રીતે બની જાય છે ?

(૭) રવિશંકર મહારાજને કેવાં લાડકાં નામે સંબોધન થતાં હતાં ?

(૮) 'માણસાઈના દીવા'માં નિરૂપાયેલી કોઈ પણ બે કોમનું નામ આપો.

(૯) ચોરી કરવા બાબતે ફૂલો શું માને છે ?

(૧૦) બાબર દેવાએ મુખીને મારી નાખ્યો. - શા માટે ?

(૧૧) જીવીના પતિનું નામ શું હતું ? આ પાત્ર કયા પ્રસંગમાં આવે છે ?

(૧૨) 'માણસાઈના દીવા'માં આવતા કોઈ પણ ચાર પ્રસંગનું શીર્ષક આપો.